| વર્ષ : ૨૦૨૪-૨૫ | | આણંદ કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સાતમા પગારપંચની ભલામણ મુજબ નિયમોનુસાર કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો (CAS) લાભ આપવા બાબત...... |
|---|---|---|

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**
જા.નં. : હિનિ / કન્ટ્રોલ/ નોન પ્લાન / ૮૧૦૨ /૨૦૨૫
તા. : ૧૭-03-૨૦૨૫

# :: પરિપત્ર ::

**વંચાણે લીધા :-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાક : એસીડી - કેપીઓ - ઇફાઇલ - ૨ - ૨૦૨૨ - ૧૩૩૭ -ક.૨, તા. ૨૫ - 0૭ - ૨૦૨૪.

(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તા. ૨૩-0૮-૨0૨૩, તા. ૧૦-૦૧-૨૦૨૫ અને તા. ૨૪-૦૧-૨૦૨૫ના પરિપત્રો.

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે વંચાણે લીધેલ-૧ પરના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના ઠરાવ અન્વયે આણંદ કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સાતમા પગારપંચની ભલામણ મુજબ નિયમોનુસાર **કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો (CAS)** લાભ આપવા બાબતેના હુકમો કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની કચેરી દ્વારા કરવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ-૨ પરના પરિપત્રોથી કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો લાભ આપવા બાબતેની કાર્યપધ્ધતિ પણ નક્કી કરવામાં આવેલ છે.

આથી આપની કચેરીમાં **નોન-પ્લાન યોજનામાં ફરજ બજાવતા શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને** તા. ૦૧-૦૧-૨૦૧૬ બાદ સાતમા પગારપંચની ભલામણ મુજબ નિયમોનુસાર **કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો** (CAS) લાભ આપવા બાબતેના હુકમો કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની કચેરી દ્વારા થયેલ હોય તેમજ **પગાર ચકાસણી એકમ, નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર દ્વારા પગાર મુકરર ચકાસણી/ઓડીટ થઇ ગયેલ હોય** તેમજ આઇ.એફ.એમ.એસ. સીસ્ટમમાં CAS યોજના હેઠળ આર.ઓ.પી.-૨૦૧૬ મુજબના હુકમ કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની કચેરી દ્વારા જારી કરવામાં આવેલ હોય તેવા **નોન પ્લાન યોજનામાં ફરજ બજાવાતા શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને** જે સમયથી કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો (CAS) નાણાંકીય લાભ મળવાપાત્ર હોય તે સમયના પગાર તફાવત રકમની ચુકવણી **તા.૩૧-૦૩-૨૦૨૫ પહેલા કરવા માટે** નીચે મુજબની માહિતી **અત્રેની કચેરીને તા. ૨૧-૦૩-૨૦૨૫ના રોજ સાંજ સુધીમાં** મોકલી આપવાની રહેશે.

ટેબલ-અ : **જે તારીખથી કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ પગાર મુકરર થયેલ હોય તે તારીખથી તા. ૩૧-૦૩-૨૦૧૯ સુધી** સાતમા પગારપંચની ભલામણ મુજબ નિયમોનુસાર કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો (CAS) હેઠળ ચુકવવા પાત્ર પગાર તફાવત...

| ક્રમ | અધિકારી/કર્મચરીઓનું નામ | હોદ્દો | બજેટ સદર | **કેરીયર એડવાન્સમેન્ટ યોજના (CAS) હેઠળ ચુકવવા પાત્ર પગાર તફાવત** | | કુલ ચુકવવાપાત્ર પગાર તફાવતની રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|
| | | | | રાજય સરકારનો હિસ્સો ૫૦% | આઇ.સી.એ.આર.નો હિસ્સો ૫૦ % | |
| | | | | | | |

ટેબલ-બ : **તા. ૦૧-૦૪-૨૦૧૯ થી રેગ્યુલર પગાર આકર્યા માસ સુધી** સાતમા પગારપંચની ભલામણ મુજબ નિયમોનુસાર કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો (CAS) હેઠળ ચુકવવા પાત્ર પગાર તફાવત...

| ક્રમ | અધિકારી/કર્મચારીઓનું નામ | હોદ્દો | બજેટ સદર | પગાર ધોરણ | **કેરીયર એડવાન્સમેન્ટ યોજના (CAS) હેઠળ ચુકવવા પાત્ર પગાર તફાવત** | |
|---|---|---|---|---|---|---|
| | | | | | તા. .............................. થી | તા. .........................સુધી |
| | | | | | | |

નોંધ :- ઉક્ત ટેબલમાં દર્શાવેલ કર્મચારીની પગાર ચકાસણી એકમ, નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર દ્વારા પગાર મુકરર ચકાસણી/ઓડીટ અંગેની સેવાપોથીમાં કરેલ નોંધની નકલ અને આઇ.એફ.એમ.એસ. હુકમની નકલ પણ સામેલ રાખવાની રહેશે.

આથી **નોન પ્લાન યોજનામાં ફરજ બજાવાતા શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને** કેરીયર એડવાન્સમેન્ટ યોજના (CAS) હેઠળ પગાર તફાવતની રકમની ચુકવણી કરવાની થાય છે તેની હિસાબ નિયામકશ્રીની મંજુરી અર્થે ઉક્ત નિયત થયેલ ટેબલમાં માહિતી તૈયાર કરી જરૂરી આધાર પુરાવા સાથેની દરખાસ્ત **અત્રેની કચેરીને તા. ૨૧-૦૩-૨૦૨૫ સુધીમાં** મોકલી આપવાની રહેશે તેમજ ઉક્ત પગાર તફાવત ચુકવવા માટે નોન પ્લાન યોજનામાં વધુ ગ્રાંટની જરૂરીયાત રહેતી હોય તો તેની માંગણી પણ નિયત નમુનામાં અચુક કરી લેવાની રહેશે.

**(આર.એચ. ગોંડલીયા)**
હિસાબ નિયામક

નકલ રવાના :
તમામ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા નિયત સમયમર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવા સારુ.